# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૦-A તા.૦૯-૦૧-૨૦૨૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- કાંકરિયા પ્રાણીસંગ્રહાલયમાં ૧૨ વર્ષની ઉંમર સુધીનાં બાળકોને વિના મૂલ્યે પ્રવેશ આપવા અંગે.**

**સંદર્ભ :- ઝૂ ડાયરેક્ટરશ્રીની કચેરીના ઝેડ.એસ.ડી.નં. ૫૧૦ /તા.૦૭-૦૧-૨૦૨૫ પત્ર અન્વયે**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, તા.૧૪-૦૧-૨૦૨૫ થી તા.૩૦-૦૧-૨૦૨૫ સુધી કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં એનીમલ વેલ્ફેર પખવાડીયાની ઉજવણી કરવામાં આવનાર છે. આ પખવાડિયા દરમ્યાન શહેરના બાળકોને વન્ય પ્રાણીઓનો પરિચય થાય તેમજ વન્ય પ્રાણી વિષે માહિતગાર થાય તે હેતુસર ૧૨વર્ષ સુધીના બાળકોને દર સોમવાર સિવાય 'ઝૂ' માં સવારના ૯-૦૦ થી બપોરના ૧૨-૦૦ સુધી વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવનાર છે તથા કાંકરિયા પરિસરમાં શૈક્ષણિક પ્રવાસે આવતા શાળાના બાળકોને મુખ્ય શિક્ષકશ્રીના લેટરપેડ ઉપર લેખિત અરજી કાંકરિયા પરિસરના ગેટ ઉપર રજૂ કર્યેથી રૂા.૧/- બાળકદીઠ ચૂકવવાથી પ્રવેશ મળશે. જે જાણમાં લઈ શાળાના બાળકો આ લાભ લઈ શકે તેવા પ્રયત્નો કરવા જણાવવામાં આવે છે.

તા.૦૯-૦૧-૨૦૨૫

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

અગત્યની નોંધ :-

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગ દ્વારા મ્યુનિ. શાળાઓની બાલવાટિકા તથા ધો. ૧-૪ માં અભ્યાસ કરતા તમામ બાળકો માટે ટૂંક સમયમાં જ દૂધ વિતરણનો કાર્યક્રમ શરૂ થનાર છે. આ આ કાર્યક્રમની અસરકારકતા વૈજ્ઞાનિક ઢબે આંકવા માટેની જવાબદારી NHL મ્યુનિ. મેડિકલ કોલેજ(એસ.વી.પી. હૉસ્પિટલ ખાતેના પ્રીવેન્ટીવ (કોમ્યુનિટી) મેડીસીન વિભાગને સોંપવામાં આવેલ છે. સદર વિભાગના ડૉક્ટરોની ટીમો બાળકોની શારીરિક તપાસ માટે સમયાંતરે શાળાઓની મુલાકાત લેનાર છે.

તમામ શાળાઓના મુખ્યશિક્ષક અને શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ અને વાલીઓને આ અંગે જરૂરી સહકાર પૂરો પાડવા આથી સૂચન કરવામાં આવે છે.

તા.૦૯-૦૧-૨૦૨૫

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી